# આંબીએ ઊંચે આકાશને

સુરેશ પટેલ



Infinite Horizons are
the Human Aspirations

# Dedicated To...

## Smt. Sushilaben Parikh



Arrival
31-03-1935

Departure
17-12-2009

"...Whose active meaningful inspiring support for about 50 yrs helped me in being what I am today."

- **Suresh Parikh**

# આંબીએ ઊંચે આકાશને

પોતાના વ્યક્તિત્વને વિકાસવી
આભને આંબવા મથતાં
સૌને અર્પણ -

સુરેશ પટેલ
પુસ્તક પ્રેમી પરિવાર
વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

પુસ્તક પ્રેમી પરિવાર

વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦.

પ્રથમ આવૃત્તિ : ૧લી મે, ૨૦૧૦

કિંમત : રૂા. ૩૦.૦૦

પ્રકાશક : પુસ્તક પ્રેમી પરિવાર વતી

**પ્રમુખશ્રી સુરેશ પરીખ**

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦.

મો. ૦૯૭૨૬૩૬૬૭૦૪

સંપર્ક : **પ્રા. શ્રી કલ્પેશ જોષી**

મંત્રીશ્રી : પુસ્તક પ્રેમી પરિવાર

બી/૨૯, જીસેટ ક્વાર્ટસ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦.

મો. ૦૯૭૧૨૧૯૭૦૮૪

# પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)

<u>કાર્યવાહક સમિતિ</u>

| | | |
|---|---|---|
| શ્રી સુરેશ પરીખ | પ્રમુખ | ૯૭૨૬૩ ૬૬૭૦૪ |
| શ્રી પરેશ શાહ<br>૬, સેવન સિલ્વર સોસાયટી,<br>ચૈરણ્ય વિહાર સોસાયટી સામે,<br>વિદ્યાનગર રોડ,<br>આણંદ-૩૮૮૦૦૧ | ઉપપ્રમુખ | ૯૮૨૪૩ ૧૨૮૭૦ |
| શ્રી રેખા પટેલ<br>''સૂર્યા'', ૧૧, ઘનશ્યામ સોસા.,<br>સૂર્યગંગા એપાર્ટમેન્ટ પાછળ,<br>વિદ્યાનગર રોડ,<br>આણંદ-૩૮૮૦૦૧ | ઉપપ્રમુખ | ૯૪૨૭૦ ૪૨૯૯૫ |
| કલ્પેશ જોષી<br>બી/૨૯, જીસેટ ક્વાર્ટસ,<br>વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦ | મંત્રી | ૯૭૧૨૧ ૯૭૦૮૪ |
| શ્રી એસ. કે. ઉપાધ્યાય | સહ મંત્રી | ૯૮૨૫૫ ૮૪૧૩૨ |
| શ્રી હીનલ શાહ | ખજાનચી | ૯૭૨૭૫ ૫૪૮૪૮ |

| | | |
|---|---|---|
| **વિનય પંડ્યા** | **સભ્ય** | ૯૮૨૪૪ ૪૮૮૧૧ |
| ''રૂચા'', મહીવાસની સામે, | | |
| શાસ્ત્રી માર્ગ, | | |
| વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦ | | |
| **શ્રી શીલા વ્યાસ** | **સભ્ય** | ૦૨૬૯૨-૨૩૬૬૧૨ |
| ''શિલ્પી'', શાંતિનગર, | | |
| નાના બજાર, | | |
| વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦ | | |
| **શ્રી મહેશ પટેલ** | **સભ્ય** | ૯૪૨૭૦ ૮૧૨૪૯ |
| ૧૯, વિનાયક પાર્ક, | | |
| બજરંગ સોસાયટી પાસે, | | |
| વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ | | |
| **શ્રી કલ્યાણી ત્રિવેદી** | **સભ્ય** | ૯૯૭૪૭ ૩૬૭૩૧ |
| યુનિવર્સિટી લેડીઝ હોસ્ટેલ, | | |
| વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ | | |
| **શ્રી હેમાંગ મહેતા** | **સભ્ય** | ૯૮૯૮૧ ૩૩૬૮૨ |

*પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાતના)ની સભ્ય ફી રાખવામાં આવી નથી. સહભાગી મિત્રો ઠીક લાગે તેમ અનુકુળતા મુજબ રૂા. ૫૦થી રૂા. ૫૦૦ આર્થિક સહયોગ મોકલશો. રકમ મ.ઓ.થી અથવા ચેક/ડ્રાફ્ટ 'સુરેશ પરીખ'ના નામનો વલ્લભ વિદ્યાનગર મંત્રીશ્રીને મોકલી આપશો.

# પુસ્તક પ્રેમી પરિવાર
## (ગુજરાત)

ગુજરાત મધ્યે આણંદ-વિદ્યાનગર સ્થિત પુસ્તક પ્રેમી પરિવાર એક અનૌપચારિક લવચિક તથા બિન નોંધાયેલું વિદ્યાર્થીઓ, શિક્ષકો, ઉદ્યોગપતિઓ અને નાગરિકો દ્વારા સાકાર થયેલું એકમ છે. જેને સમયનો અભાવ છે, તે છતાં વાચવા-વિચારવા અને સ્વસ્થ જીવનશૈલી ગોઠવવા હંમેશા તત્પર રહે એવી વ્યક્તિની વાચન-વિચાર ટેવોને પોષવી-સક્રિય કરવી આ એકમનો મુખ્ય ઉદ્દેશ છે. એ દૃષ્ટિએ કાર્યરત એકમ મહિનામાં એક પુસ્તકનો પરિચય કરાવવાનો કાર્યક્રમ આયોજિત કરે છે. આવું મૈત્રી સભર એકમ રસ ધરાવતા આશરે ૨૫ જેટલા સભ્યોથી સ્વતંત્રપણે કાર્યરત થઈ શકે અથવા પુસ્તક પ્રેમી પરિવારની પેટા શાખા તરીકે સાકાર થઈ શકે. અન્યથા એવા સંજોગોમાં કોઈ સમૂહને આ પ્રકારની પ્રવૃત્તિના આયોજન માટે આવશ્યક સઘળી મદદ કરવાની નેમ ધરાવે છે. આવું એકમ કોઈપણ સ્થળે અને સ્થાને કાર્યરત થઈ શકે. જેમ કે; શાળાઓ, મહાવિદ્યાલયો, અનુસ્નાતક કેન્દ્રો, રાષ્ટ્રીય સમૂહ આયોગ, યુવા કેન્દ્રો કે ઔદ્યોગિક એકમો વગેરે. વ્યક્તિગત અથવા સંસ્થાકીય આયોજન કરવા, વિશેષ માહિતી મેળવવા સંપર્ક સાધવા આવકાર છે...



સુરેશ પટેલ

સામાન્ય રીતે આપણે જ્યારે કોઈનો પણ પરિચય કરવા કે કરાવવા ઈચ્છીએ છીએ, ત્યારે "એ શું કરે છે" એ બાબતને કેન્દ્રસ્થાને રાખીએ છીએ. "એ શું કહે છે ?" એ બાબત લગભગ અવગણાઈ જાય છે. આ પુસ્તકના લેખકનો પરિચય, તેઓ "શું છે ?" તેમજ તેઓ "શું કરે છે ?" એમ એમનાં બેઉ પાસાંઓનો સમન્વય કરીને કરીએ.

ભારતીય હોવાનું ગૌરવ ધરાવનાર, સુરેશભાઈ સ્વભાવે સરળ અને મિલનસાર છે. પ્રકૃતિપ્રેમી તરીકે પોતાને ધન્ય માનનાર, તેઓ પર્વતખેડૂ અને જંગલખડુ છે. જ્ઞાનપિપાસુ હોવાને કારણે, અદમ્ય ઉત્સાહથી નવું નવું શીખતાં રહેવું, શીખવાનો આનંદ માણવો અને અન્યને પણ શીખવા માટે પ્રેરવા, એ એમની તમામ પ્રવૃત્તિઓનું હાર્દ છે. એમનો અભ્યાસ અનુસ્નાતક કક્ષાનો છે – એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ બંનેમાં.

સામર્થ્ય અને સમજણના સમન્વયથી ભારતની સિકલ બદલી જ શકાશે એવું દૃઢપણે માનનાર, યુવાનોમાં ગજબની શ્રદ્ધા ધરાવનાર અને તાલીમ આપવાના કાર્યનો પોતાનો ધર્મ સમજનાર સુરેશભાઈ સંગીત, કલા અને અધ્યાત્મમાં પણ ઊંડી રુચિ ધરાવે છે.

વ્યવસાયે તેઓ મેનેજમેન્ટ ટ્રેઈનર છે. કોઈપણ વ્યાવસાયિકો જે કોઈ કાર્યો કરે છે, તે શ્રેષ્ઠતમ કઈ રીતે કરી શકે, તે અંગેની તાલીમ આપવાનું તેમનું કાર્યક્ષેત્ર, તેમણે યુવાનોને રાષ્ટ્રનિર્માણ માટે તૈયાર કરવા સુધી વિસ્તાર્યું છે અને આ તાલીમ માત્ર વર્ગખંડોમાં જ નહિ, બલ્કે જંગલોમાં અને પહાડોમાં વિવિધ સાહસિક પ્રવૃત્તિઓ કરતાં-કરાવતાં શીખવવાની આગવી કળા એમને હસ્તગત છે.

"ગમતું હોય તો ગુંજે ન ભરીએ" એ ભાવ હૃદયસ્થ કરીને એમણે પોતાને જે કંઈ સમજાયું છે, તે વહેંચવાનો પ્રયત્ન કર્યો છે.

આ પુસ્તિકા એ એમના આનંદની એક અભિવ્યક્તિ છે. વાચકોને એમણે વિનંતી કરી છે કે, "આ પુસ્તિકાના પ્રત્યેક વિચારને વાંચીને એને મમળાવજો અને સમગ્ર દિવસ દરમિયાન જાગૃતિપૂર્વક એ વિચાર મુજબ જીવવાનો પ્રયત્ન કરી જોજો. ખાસ કરીને વાંચતી વેળાએ જો ક્યાંક પંખીનો ટહુકો સાંભળો તો પુસ્તિકા બાજુએ મૂકી દેજો અને ટહુકાનો આનંદ માણજો. આખરે કોઈપણ વાંચન, આનંદ તરફ દોરી જનારું હોવું જોઈએ, હળવાશ આપનારું હોવું જોઈએ, જીવનને ઉત્સવ બનાવનારું હોવું જોઈએ."

Lajja-02692-233864